# ગુજરાત ઊર્જા સયુંક્ત સંકલન સમિતિ

| | | |
|---|---|---|
| | અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ<br>રજી.નં.: જી ૧૨૪<br>જીઈબી એન્જીનીયર્સ એસોસીએશન<br>રજી.નં.: જી ૬૫૩ | GUJARAT ELECTRICITY BOARD GEBEA ENGINEERS' ASSOCIATION |
| ગોરધનભાઈ ઝડફિયા<br>અધ્યક્ષ | બિપિન એમ.શાહ<br>કાર્યકારી અધ્યક્ષ / બળદેવ એસ.પટેલ<br>સીની.સેક્રેટરી જનરલ-એજીવીકેએસ | હરેશ જી.વઘાસીયા<br>સેક્રેટરી જનરલ-જીબીઆ |

૧૬-૧૭, ૧લો માળ, શાશ્વત પ્લાઝા, ૬૬ કે.વી.સબ-સ્ટેશન સામે, ઊંઝા-પાટણ રોડ, ઊંઝા-૩૮૪ ૧૭૦

E –Mail: agvksunjha@gmail.com મો.નં.: ૯૯૨૫૨ ४६००१ અને ૯૯૨૫૨ ૧૦૦૨૬


ક્રમાંક: એજીવીકેએસ & જીબીઆ/૨૦૨૫/૦૪ તારીખ: ૨૦.૦૧.૨૦૨૫

પ્રતિ,
મેનેજિંગ ડિરેક્ટરશ્રી,
ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ,
હેડ ઓફિસ,
સરદાર પટેલ વિદ્યુત ભવન,
રેસ-કોર્સ, વડોદરા-૩૯૦ ૦૦૭.

વિષય:- જીયુવીએનએલ દ્વારા સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા સાથે કરવામાં આવેલ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (એમ.ઓ.યુ.) રિવાઇઝ કરવા બાબત.

સંદર્ભ:- (૧) પત્ર નં.: એજીવીકેએસ & જીબીઆ/૧૮૮ તા.: ૦૬.૦૯.૨૦૧૮ અને તેને સંલગ્ન પત્રોના અનુસંધાને.
(૨) GUVNL Circular No.: ACCTTS/GM(F&A)/503 dtd.: 25.09.2019.
(3) GUVNL Circular No.: ACCTTS/GM(F&A)/460 dtd.: 25.07.2022.

માન.સાહેબશ્રી,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે સને-૨૦૧૮ માં રાજ્ય સરકારશ્રીના પોલીસ (ગૃહ) વિભાગ હેઠળ ફરજ બજાવતા કર્મચારીઓ/અધિકારીશ્રીઓને સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા ખાતે કોર્પોરેટ સેલેરી પેકેજ (પગાર ખાતુ) ધરાવનારને ખાસ કિસ્સામાં આર્થિક અને અન્ય અનેક ફાયદાઓનો લાભ આપવા સબબ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (એમ.ઓ.યુ.) કરવામાં આવેલ જે અન્વયે એજીવીકેએસ યુનિયન અને જીબીઆ એસોસિએશન દ્વારા સ્વતંત્ર રીતે તથા સંયુક્ત રીતે સંકલન સમિતિના નેજા હેઠળ સંદર્ભ: ૧ થી સદર લાભ જીયુવીએનએલ અને તેને સંલગ્ન તાબાની છ સબ-સીડરી કંપનીઓ ખાતે ફરજ બજાવતા કર્મચારીઓ/અધિકારીશ્રીઓને આપવા ન્યાયિક રજૂઆત કરેલ જેના અનુસંધાને જીયુવીએનએલ દ્વારા તા.: ૧૯.૦૮.૨૦૧૯ ના રોજ સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા સાથે કોર્પોરેટ સેલેરી પેકેજ અંતર્ગતના તમામ લાભો આપવા મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (એમ.ઓ.યુ.) કરવામાં આવેલ જેને આધારે જીયુવીએનએલ દ્વારા સંદર્ભ: ૨ થી સૂચનાઓ પરિપત્રિત કરેલ ત્યાર બાદ સમયાંતરે સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા કોર્પોરેટ સેલેરી પેકેજના સંલગ્ન લાભો/ફાયદાઓમાં સુધારો-વધારો કરતાં જીયુવીએનએલ દ્વારા ફરીથી સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા સાથે એમઓયુ રિવાઇઝ કરેલ જેને આધારે જીયુવીએનએલ દ્વારા સંદર્ભ: ૩ થી રિવાઇઝ સૂચનાઓ પરિપત્રિત કરેલ જે લાભો સાતેય ઉર્જા કંપનીના સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયામાં ખાતું ધરાવનાર કર્મચારી/અધિકારીશ્રી મેળવી રહ્યા છે જે આપ સાહેબશ્રીની જાણ સારૂં વિદિત થાય.

હવે, આપ સાહેબશ્રીનું ધ્યાન દોરતા સદર વિષય અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકારશ્રી દ્વારા તેમના અલગ-અલગ વિભાગો ખાતે ફરજ બજાવતા કર્મચારીઓ/અધિકારીશ્રીઓ સબબ સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા ખાતે પગાર ખાતુ ધરાવનાર કર્મચારી/અધિકારીશ્રી સબબ સ્ટેટ ગવર્મેન્ટ સેલેરી પેકેજ (એસ.જી.એસ.પી.) નામની સ્કીમ અમલમાં મુકેલ હોય જેનો લાભ રાજ્ય સરકારશ્રીના અન્ય વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીઓ / અધિકારીશ્રીઓ મેળવી રહ્યા હોવાની રજૂઆત

(ક્રમશ:.....

ગત તા.: ૦૮.૦૧.૨૦૨૫ ના રોજ સંકલન સમિતિને મળેલ જે પરત્વે સંકલન સમિતિ દ્વારા સ્ટેટ ગવર્મેન્ટ સેલેરી પેકેજ (એસ.જી.એસ.પી.) સ્કીમના ફાયદાઓ/લાભોનો અને કંપનીમાં હાલમાં ચાલી રહેલ કોર્પોરેટ સેલેરી પેકેજ (સી.એસ.પી.) સ્કીમના ફાયદાઓ/લાભોનો વિગતે અભ્યાસ કરેલ ત્યારે સંકલન સમિતિના હોદ્દેદારોને જાણવા મળેલ કે રાજ્ય સરકાર શ્રી દ્વારા તેમના કર્મચારીઓ/અધિકારીશ્રીઓના કિસ્સામાં લાગુ કરેલ સ્ટેટ ગવર્મેન્ટ સેલેરી પેકેજ (એસ.જી.એસ.પી.) સ્કીમ હેઠળ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા ખાતે ખાતું ધરાવનાર કર્મચારી/અધિકારીશ્રીને પર્સનલ એકસીડન્ટ (મૃત્યુ) ના કિસ્સામાં રૂપિયા ૧૦૦/- લાખ મળવા પાત્ર છે સાથે સાથે ગ્રુપ ટર્મ લાઇફ ઇન્શ્યોરન્સ રૂપિયા ૧૦/- લાખ મળવા પાત્ર છે જ્યારે હાલમાં ઉર્જા કંપનીઓ ચાલી રહેલ કોર્પોરેટ સેલેરી પેકેજ (સી.એસ.પી.) સ્કીમ હેઠળ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા ખાતે ખાતું ધરાવનાર કર્મચારી/ અધિકારીશ્રીને પર્સનલ એકસીડન્ટ (મૃત્યુ) ના કિસ્સામાં સંદર્ભ: ૩ મુજબ રૂપિયા ૪૦/- લાખ મળવા પાત્ર છે અને ગ્રુપ ટર્મ લાઇફ ઇન્શ્યોરન્સનો લાભ મળવા પાત્ર નથી.

વધુમાં, ઉપરોક્ત રજૂ કરે બે ફાયદાઓ/લાભો ઉપરાંત અન્ય અનેક લાભ સ્ટેટ ગવર્મેન્ટ સેલેરી પેકેજ (એસ.જી.એસ.પી.) સ્કીમ હેઠળ મળી રહ્યા છે જેનું કોર્પોરેટ સેલેરી પેકેજ (સી.એસ.પી.) સાથેનું સરખામણી પત્રક અને રિવાઇઝ ફીચર્સ ઓફ એસ.જી.એસ.પી.નું પત્રક આ સાથે આપ સાહેબશ્રીની જાણ અને આગળની કાર્યવાહી સારૂં સામેલ છે જે વિદિત થાય.

**આથી, સંકલન સમિતિની સદર રજૂઆત આધીન સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાના સંલગ્ન અધિકારી/મેનેજર સાથે ચર્ચા કરી તથા સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા હેઠળ ચાલી રહેલ બંને સ્કીમો (એસ.જી.એસ.પી. અને સી.એસ.પી.) હેઠળ મળતા ફાયદાઓ/ લાભોનો અભ્યાસ કરી કર્મચારીઓ/અધિકારીશ્રીઓ અને કંપનીના હિતમાં યોગ્ય તે જરૂરી કાર્યવાહી કરી ન્યાય આપવા સંકલન સમિતિની ન્યાયિક વિનંતી સહ માગણી છે.**

ઉપરોક્ત બાબત આપ સાહેબની જાણ અને આગળની કાર્યવાહી કરી જાણ કરવા સારૂં.

આપના સાથ સહકારની અપેક્ષા સહ,

આભાર સહ,

આપના સ્નેહાધીન,

**(બળદેવ.એસ.પટેલ)**
**સીનીયર સેક્રેટરી જનરલ**
**અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ, ઊંઝા**

**(એચ.જી.વઘાસીયા)**
**સેક્રેટરી જનરલ**
**જીઇબી એન્જીનીયર્સ એસોસીએશન, જુનાગઢ**

બિડાણ:-

(1) Comparison Sheet of CSP and SGSP.
(2) Revised features of SGSP (Annexure-II).

નકલ સવિનય રવાના:-

(૧) પ્રતિ, ડાયરેક્ટરશ્રી (એડમીન.), જીયુવીએનએલ, હેડ ઓફિસ, વડોદરા.
(૨) પ્રતિ, ડાયરેક્ટરશ્રી (ફાય.), જીયુવીએનએલ, હેડ ઓફિસ, વડોદરા.
(૩) પ્રતિ, જનરલ મેનેજરશ્રી (એચ.આર.), જીયુવીએનએલ, હેડ ઓફિસ, વડોદરા.
(૪) પ્રતિ, જનરલ મેનેજરશ્રી (ફાય.), જીયુવીએનએલ, હેડ ઓફિસ, વડોદરા.

નકલ રવાના:-

(૧) સુપર પાર વર્કિંગ કમિટી-એજીવીકેએસ અને કોર કમિટી-જીબીઆ એસોસિએશનના હોદ્દેદારો.
(૨) પસંદગી ફાઇલ.

# COMPARISON BETWEEN CSP ACCOUNT AND SGSP ACCOUNT IN SBI BANK

| No. | Particulars | Corporate Salary Package (CSP) | | | | | State Government Salary Package (SGSP) | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Product Code | Silver | Gold | Diamond | Platinum | Rhodium | Silver | Gold | Diamond | Platinum | Rhodium |
| 1 | Salary Range | 10000-25000 | 25000-50000 | 50000-100000 | 100000-200000 | Above 200000 | 10000-25000 | 25000-50000 | 50000-100000 | 100000-200000 | Above 200000 |
| 2 | **Personal Accident Insurance (Death)** | **40 Lakhs** | | | | | **100 Lakhs** | | | | |
| 3 | **Air Accident Insurance (Death)** | **100 Lakhs** | | | | | **160 Lakhs** | | | | |
| 4 | **Permanent Total Disability (PTD) Cover** | **40 Lakhs** | | | | | **100 Lakhs** | | | | |
| 5 | **Permanent Partial Disability (PPD) Cover** | **40 Lakhs** | | | | | **80 Lakhs** | | | | |
| 6 | **Group Term Life Insurance** | NOT APPLICABLE | | | | | **10 Lakhs** | | | | |
| 7 | **RTGS/NEFT Charges** | FREE | | | | | FREE | | | | |
| 8 | **Passbook** | FREE | | | | | FREE | | | | |
| 9 | **Transactions at any Bank ATMS** | FREE | | | | | FREE | | | | |
| 10 | **Debit Card Annual Fee** | FREE | | | | | FREE | | | | |
| 11 | **Multi City Cheques** | 25 Cheque Leaves free per month | | | | | 25 Cheque Leaves free per month | | | | |
| 12 | **Consession in Locker Rent** | 25% | 15% | 10% | No Consession | | 50% | | | | NIL |
| 13 | **Demand Draft Charges** | Waived for unlimited number and amount | | | | | Waived for unlimited number and amount | | | | |
| 14 | **Transactions Limit at ATM** | Free unlimited nos. of transactions across all bank ATM | | | | | Free unlimited nos. of transactions across all bank ATM | | | | |
| 15 | **Loan Processing Charges** | Not Mentioned | | | | | Personal Loan-50% Home Loan-100% Car Loan-50% | | | | |
| 16 | **OverDraft (Upto Two Months Net Salary)** | 2 Lakh | 1.5 Lakh | 75,000 | Nil | | Not Mentioned | | | | |
| 17 | **Purchase Protection on Debit Cards** | 2 Lakh | 2 Lakh | 2 Lakh | 2 Lakh | 2 Lakh | NA | 2 Lakh | 2 Lakh | 2 Lakh | 2 Lakh |

નોંધ: ઉપરોક્ત રજૂ કરેલ મુદ્દાઓ ઉપરાંત અન્ય મુદ્દાઓ જેમાં **CSP and SGSP** માં સરખામણી કરતાં **SGSP** માં ખૂબ જ ઘણો ફાયદો છે.